સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખુલી જશે ભાગ્ય કોઇનાં, કોઇ હિંમત હારી જશે!
દુશ્મન બની લડ્યા જે પક્ષો, એમની જ યારી થશે!
થશે તું તારી, પણ ફાવી જશે કારી-બહુમતની -
પાત્રો ખાયકીનાં, લેશે નવો દાવ, નવી યારી થશે..

હાઈકુ

ભાઇઓ-બ્હેનો!
ચગ્યાં'તાં બહુ, હવે
કોણ હું, તમે!!

ભૂલાઇ જશે!
અનામિકાના ડાઘ -
સિવાય, બધું!

ચિંતન

સુલભાઃ પુરૂષાઃ રાજન્ સતતં પ્રિયવાદિનઃ । અપ્રિયસ્ય ચ સત્યસ્ય વક્તા શ્રોતા ચ દુર્લભઃ ॥

'હે રાજન! સારું બોલનારા લોકો તો સરળતાથી મળી રહે છે પરંતુ કડવું સત્ય કહેનારા અને તેને શાંતિથી સાંભળી લેનારા આજના યુગમાં દુર્લભ છે.'

આજના જમાનામાં સામેની વ્યક્તિને ગમે તેવું જ બોલાય છે આવું બોલનારા માત્ર પોતાનો સ્વાર્થ સાધવા જ પ્રશંસા-ખોટા વખાણ કર્યા કરતા હોય છે. આજે સચિવાલયોમાં જે મોટાં કૌભાંડ થાય છે એમાં સચિવો-મંત્રીઓ-સલાહકારો-પ્રધાનશ્રી ને સાચી દિશા કે વાસ્તવિક કાયદો બતાવવાને બદલે ઉંધે રસ્તે ચઢાવી - વચલો રસ્તો (ખોટો) કેમ કાઢવું એ બતાવે છે.

ખરેખર તો સેક્રેટરીનું કામ, પ્રધાનશ્રીને સાચો કાયદો અને સાચી દિશા બતાવી ખરું માર્ગદર્શન આપવાની ફરજ છે પણ પોતાના અંગત સ્વાર્થ અને સાહેબને ખૂશ રાખવા સારું બોલે છે પણ સાચું બોલતા નથી. કડવું સત્ય બોલનારા 'સાઇડ'માં ફેંકાઇ જાય છે.

આજે કડવું સત્ય સાંભળી શકે કે એનો સ્વીકાર કરી શકે એવા નેતા-ભાગ્યે જ મળે! આજના યુગમાં તો દુર્લભ જ છે.

સુવિચાર

- કાન સૂણ્યું નવ માનીએ, નજરે સાંભળ્યું સાચ, ભાંગ્યા સાજા થાય નહીં, મન મોતી ને કાચ **- દોહો**
- એક સપ્તાહમાં સાત વાર હોય છે પણ એક આઠમો વાર પણ છે તે છે 'પરિવાર' આઠમો વાર સારો રહેશે તો પેલા સાત વાર પણ સુખદ રહેશે **- એસ. ભટ્ટાચાર્ય**
- આત્મતુષ્ટિ નહીં, આત્મશુદ્ધિ જ આપણા જીવનમાં પથદર્શક બને તો જીવન ધન્ય બની જાય **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- બીજાના વિચારોને વિચારવાનો મુદ્દો ગણવો જોઇએ, નિર્મયનું શસ્ત્ર નહીં, એક માણસ માટે અમૃત સમાન વિચાર બીજા જણ માટે આચરણની દૃષ્ટિએ વિષ સમાન પણ નીવડી શકે **- હંસલ ભચેચ**
- પહેલા વિચાર આવે છે પછી એ વિચાર યોજનાનું સ્વરૂપ ધારણ કરે છે, આ યોજનાઓ જ વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરે છે, સૌ પ્રથમ મનમાં એક કલ્પના ચિત્ર તૈયાર થાય છે, જે પછી બહારની દુનિયામાં આકાર લે છે **- મૃગેશ વૈષ્ણવ**
- આપણા અંતરમાં રહેલા ભગવાનને નામે બીજાઓમાં રહેલાં ભગવાનની સેવા કરવી એ ઉત્કૃષ્ટ ધર્મભાવના અને સચોટ જીવન મંત્ર છે **- ફાધર વાલેસ**
- પુરૂષાર્થ એ દૂધના કપ જેવો છે, જ્યારે નસીબ એ ચમચી ભરેલી સાકર જેવું છે.. કુદરત સાકર એને જ આપે છે જેની પાસે દૂધ હાજર હોય છે **- મુનિ ભાનુચંદ્ર વિજયજી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સજ્જન, સંત હૃદય કે શુદ્ધ-સાત્ત્વિક પ્રેમી, ભાષા કે શબ્દો નહીં આંખના ભાવ વાંચી હૃદયનું સંક્રમણ કરે છે અને એકમેકને સમજી શકે છે.

અંગ્રેજ રાજમાં, ગાંધીજી એક વાર યરવડા જેલમાં હતા. ત્યાં આફ્રિકાના એક કેદી પણ ગુન્હામાં પકડાયો એની ભાષા કોઇ સમજતું નો'તું કે એ જાતે પણ કોઇની પણ ભાષા સમજતો ન હતો. કોઇ એને સાથે રાખવા ઇચ્છતા ન હતા ગાંધીજીએ એને સ્વીકાર્યો.

બંને જણા ઇશારાથી થોડી ઘણી વાત કરે થોડી સમજાય થોડી ન સમજાય... આફ્રિકન કેદીને તાવ આવ્યો. ગાંધીજીએ એને સુશ્રુષા કરી, બેઠો કરી પાણી પીવડાવતા પોતાના ભાગનું દૂધ પીવડાવતા - કેદી આ બધું જોતો અને સમજવા લાગ્યો. ગાંધીજી તરફ એને આદર જાગ્યો.

એક'દિ આફ્રિકન કેદીને સાપે ડંખ દીધો. રોક્કડ કરી બૂમો પાડવા લાગ્યો. રડવા લાગ્યો ગાંધીજીએ એની પીઠ પર હાથ ફેરવી શાંત કર્યો અને ડંખનું ઝેર ચૂસી કાઢી નાખ્યું.

પેલાને પીડા શાંત થઇ. ગાંધીજીને વંદન કર્યા. રેંડિયો કાંતવાનું શીખ્યો અને હવે એ ગાંધીજીની સેવા કરવા લાગ્યો.. એક પણ શબ્દ બોલ્યા વિનાનું આ હતું હૃદય પરિવર્તન.

Email - sureshchandrabhatt18@gmail.com

ગાંધીનગરમાં ઇન્ફોસીટીની સ્થાપના કયા મુખ્યમંત્રીએ કરી?

ખજાનો
- ડૉ. અનિલ પટેલ

વિષય : ગુજરાતની રાજનીતિ

(૧) પ્રાચીન સમયમાં ગુજરાતની રાજધાની કઇ હતી?
(અ) સિદ્ધપુર (બ) ડભોઇ
(ક) ખંભાત (ડ) અણહીલપુર - પાટણ

(૨) મૌર્યકાળમાં રાજયશાસન કોણ ઘડેલા સિદ્ધાંતો મુજબ ચાલતું હતું?
(અ) ચાણક્ય (બ) કૌટિલ્ય
(ક) સમ્રાટ અશોક (ડ) ઇન્દ્રભૂતી

(૩) ઇ.સ. ૧૮૫૭ના અરસામાં કેટલા દેશી રજવાડા પર અંગ્રેજ શાસ્વીની પકડ હતી?
(અ) ૫૬૨ (બ) ૪૯૮
(ક) ૫૮૯ (ડ) ૫૨૦

(૪) નાના રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવવાનું વડોદરાના રાજાનું કામ કયાં અંગ્રેજે હાથમાં લીધું હતું?
(અ) કર્નલ રીપન (બ) કર્નલ વોકર
(ક) કર્નલ સ્મિથ (ડ) કર્નલ ડેવિડ

(૫) અંગ્રેજોની એજન્સી પ્રથાના વહીવટમાં કઇ બાબતોનો સમાવેશ થયો ન હતો?
(અ) નિશાળ (બ) હોસ્પિટલ
(ક) જેલ (ડ) થિએટર

(૬) કોના સૂચન મુજબ ગુજરાતના રજવાડાઓનું સાત વર્ગમાં વિભાજન થયું હતું?
(અ) કર્નલ રીપન (બ) કર્નલ વોકર
(ક) કર્નલ સ્મિથ (ડ) કર્નલ ડિરીઝ

(૭) ઇ.સ. ૧૯૨૩માં રાજકોટના ઠાકોરજી સાહેબે રાષ્ટ્રપ્રેમથી રંગાઇને કંઇ સંસ્થા આપી હતી?
(અ) પ્રજા પ્રતિનિધિ સભા (બ) પ્રજા સેવક સભા
(ક) લોકસેવક સભા (ડ) પ્રજા કલ્યાણ સભા

(૮) ગુજરાતમાં ફરજિયાત શિક્ષણ અને સહકારી મંડળીના કાયદા કોણે ઘડ્યા?
(અ) હિતેન્દ્રભાઇ દેસાઇ (બ) માધવસિંહ સોલંકી
(ક) ડૉ. જીવરાજભાઇ મહેતા (ડ) ચીમનભાઇ પટેલ

(૯) ગુજરાતમાં વડોદરામાં કોઇલી રિફાઇનરી કોણે ચાલુ કરી?
(અ) બળવંતરાય મહેતા (બ) ડૉ. જીવરાજ મહેતા
(ક) માધવસિંહ સોલંકી (ડ) શ્રી ઘનશ્યામ ઓઝા

(૧૦) ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ વિનામૂલ્યે આપવાની જાહેરાત કોણે કરી?
(અ) બાબુભાઇ પટેલ (બ) નરેન્દ્ર મોદી
(ક) બાબુભાઇ દેસાઇ (ડ) અમરસિંહ ચૌધરી

(૧૧) આદિવાસીઓનાં વિકાસ માટે આદિવાસી વિકાસ કોર્પોરેશનની રચના કોણે કરી?
(અ) ચિમનભાઇ પટેલ (બ) હિતેન્દ્રભાઇ દેસાઇ
(ક) ઘનશ્યામભાઇ ઓઝા (ડ) બાબુભાઇ જ. પટેલ

(૧૨) ગુજરાતમાં પછાતવર્ગ માટે 'કુટુંબપોથી' કોણે દાખલ કરી?
(અ) નરેન્દ્ર મોદી (બ) બાબુભાઇ પટેલ
(ક) ચિમનભાઇ પટેલ (ડ) માધવસિંહ સોલંકી

(૧૩) ગુજરાતના પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી કોણ?
(અ) અમરસિંહ ચૌધરી (બ) માધવસિંહ સોલંકી
(ક) ઘનશ્યામ ઓઝા (ડ) છબીલદાસ મહેતા

(૧૪) ગાંધીનગરમાં ઇન્ફોસીટીની સ્થાપના કયા મુખ્યમંત્રીએ કરી?
(અ) નરેન્દ્ર મોદી (બ) કેશુભાઇ પટેલ
(ક) સુરેશ મહેતા (ડ) ચિમનભાઇ ઓઝા

(૧૫) સુઝલામ-સુફલામ યોજના કયા મુખ્યમંત્રીએ ઘડી?
(અ) કેશુભાઇ પટેલ (બ) શંકરસિંહ વાઘેલા
(ક) નરેન્દ્ર મોદી (ડ) સુરેશ મહેતા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૬ મે ૧૯૫૦ જયોર્જ બેડનોર્ઝ - જર્મન ભૌતિકશાસ્ત્રી, ૧૯૮૭માં સુપરકન્ડકટીવીટી પર સંશોધન માટે નોબલ પારિતોષિક મળ્યું.
- ૧૬ મે ૧૯૩૪ રોય કેર- ન્યૂઝીલેન્ડના ગણિતશાસ્ત્રી સર આઇનસ્ટાઇનના જનરલ રીલેટીવીટી સૂત્રની સમજપૂર્વક ગણત્રી કરનાર.
- ૧૬ મે ૧૯૦૧ કોનાર્ડ વોંચમાન્સ-જર્મન બોર્ન અમેરીકન આર્કીટેક-બિલ્ડિંગ કમ્પોનન્ટ બનાવનાર.
- ૧૭ મે ૧૯૧૫ મારેકલ રોલાન્ડ કે ક્યુરવીન - સ્વીઝ વૈજ્ઞાનિક બરફનું ભૌતિક સ્વરૂપ પર સંશોધન કરનાર.
- ૧૭ મે ૧૮૯૭ ઓડ હેસલ-નોર્વેના ભૌતિક રસાયણ વૈજ્ઞાનિક, ૧૯૬૯માં રસાયણ ક્ષેત્રનું નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૭ મે ૧૮૮૫ ઇવીન ચાર્લ્સ સ્ટેકમેન-અમેરિકન ખેતી વૈજ્ઞાનિક, પાકમાં થતાં રોગો પર સંશોધન.
- ૧૮ મે ૧૯૪૧ માલ્કોમ સીમ લોન્ઝીર - સ્કોટલેન્ડના ખગોળશાસ્ત્રી
- ૧૮ મે ૧૯૧૫ એલ્મન રોઝર્સ સર્વિસ-અમેરિકન એન્થ્રોપોલોજીસ્ટ.
- ૧૮ મે ૧૯૦૧ વિન્સેન્ટ ડુ વિગ્નેડુ - અમરિકન બાયોકેમીસ્ટ ૧૯૫૫માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૧૯ મે ૧૯૧૮ અબ્રાહ્મ પાઇસ - અમેરિકન ભૌતિકશાસ્ત્રી.
- ૧૯ મે ૧૯૧૪ મેક્સ ફેરડીન્ડ પેરૂત્ઝ - બ્રિટીશ બાયોકેમીસ્ટ એક્સ-રે-ડીફ્રીએશન એનાલીસ પર સંશોધન બદલ - ૧૯૬૨માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૯ મે ૧૮૭૬ વિલિયમ કીંગ જયોર્જ - અમેરિકન એલીઓનોલોજીસ્ટ
- ૨૦ મે ૧૯૧૮ એડવર્ડ બી. લેવીસ-અમેરિકન જીનેટીસ્ટ વૈજ્ઞાનિક, ૧૯૯૫માં નોબેલ પ્રાઇઝ વિજેતા.
- ૨૦ મે ૧૯૧૩ વિલિયમ હેવલેટ-અમેરિકન ઇલેકટ્રીકલ એન્જીનીયર.
- ૨૦ મે ૧૯૦૧ હાઇડો સીમા - જાપાનીઝ એન્જીનીયર, જાપાનની સૌથી ઝડપી બુલેટ-ટ્રેન બનાવનાર.
- ૨૧ મે ૧૯૩૪ બેગ્ટ ઇગ્મર સેમ્યુલેશન - સ્વીડનના બાયોકેમીસ્ટ, ૧૯૮૨માં મેડીકલ ક્ષેત્રનું નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૧ મે ૧૯૨૯ વોલ્ટર એમ. ફીત્ય - અમેરિકન બોયોલોજીસ્ટ.
- ૨૧ મે ૧૯૨૨ રોબર્ટ એ ગુડ - અમેરિકન સર્જન, મોર્ડન ઇમ્યુનોલોજીનાં પાયોનીયર વૈજ્ઞાનિક.
- ૨૨ મે ૧૯૨૭ જયોર્જ એ ઓલ્ટ-હન્ગેરીયન-અમેરીકન કેમીસ્ટ, ૧૯૯૪માં રસાયણશાસ્ત્રનું ક્ષેત્રનું નોબેલ પારિતોષિક વિજેતા.
- ૨૨ મે ૧૯૨૦ થોમસ ગોલ્ડ - ઓસ્ટ્રેલિયન-બ્રિટીશ-અમેરિકન ખગોળ વૈજ્ઞાનિક.
- ૨૨ મે ૧૯૧૨ હર્બટ સી. બ્રાઉન-ઇંગ્લીશ બોર્ન-અમેરિકન કેમીસ્ટ.

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ભારતીય જનતા પાર્ટીના યુવાન નેતા વરૂણ ગાંધી અગાઉ કયાં સ્થળેથી લોકસભાના સભ્ય થયા હતા?

જવાબ - પીલીભીત

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૪) મહેશ એમ. જાદવ : સે-૨૦
(૩) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર મહાદેવ

આ સપ્તાહનો સવાલ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હાલમાં સર સંઘચાલક કોણ છે?

આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૫ (૯૬) ૫૯ (૬૬) ૬ (૨૬) ૬ (૨૬)
૬ (૬૬) ૬ (૦૬) ૫૯ (૭) ૬ (૭) ૫૯ (૭) ૬ (૩) ૬ (૫) ૫ (૯) ૫૯ (૬) ૫ (૨) ૬ (૬)

૧૬મી મે - એવું લાગે છે એના પછી કોઇ તારીખ જ નથી કેલેન્ડરમાં... બધું જાણે એક જ તારીખ પર અટકી પડ્યું છે - લટકી પડ્યું છે... ઇતિહાસ જાણે ત્યાં રોકાઇ જવાનો ના હોય...

શક્ય છે, આ વાંચો છો ત્યારે ટી.વી.ના રીમોટ તમારા હાથમાં હોય અને આંગળીઓ ન્યૂજ ચેનલ્સની તલાશમાં ચેનલ બદલ્યે જતી હોય... ૧૬મી મે કહેવાતો જજમેન્ટ ડે આખીરકાર આવી ગયો હશે, ધૂમધડાકા ફૂટતાં ફટાકડાઓનાં ધુમાડા વચ્ચે ગુલાલનાં વાદળો ખોવાતા હશે... હિન્દોસ્તાંની જનતાં તેમનો અધિનાયક શોધી લેશે. ૧૬મી મેનો હાઇપર ક્રેઝ - એની ચમરસીમાએ પહોંચીને પાછો શાંત થઇ જશે - ને પછી નવી અટકળો, નવી અફવાઓ અને નવી ખબરોનું બજાર ઊંચકાશે...

એનું એ જુઠ્ઠું નવા માણસો બોલશે, એવું જ એવું જ સાચું નવા માણસો બોલશે... સપનાઓનો સેન્સેક્સ ઊંચો જશે, વાદળોમાં માથું ને કીચડમાં પગનું ભારત મોટું બગાસું ખઇને ફરી જાગશે... મેનિફેસ્ટોનાં કાગળીયાં રિસાઇકલ પેપરમાં ફૂચામાં ભારતની આવતીકાલનાં ઢંઢેરા પીટશે... લાઇટોની ઝગમગ વધી જશે... બધુ એવું ને એવું જ પણ થોડું જુદું જુદું... પ્રજાની નબળી યાદશક્તિનો સફળો ફાયદો.... થોડાં અજવાળાં ખરીદવા, થોડા અંધારા વહેંચી (વેંચી નહીં) દેવાના...

ચાલો સરસ, દેશની સૌથી મોંઘી ચૂંટમીઓ પુરી પણ થઇ ગઇ... દેશમાં જેટલી ગરીબી વધારે તેટલી ચૂંટણી મોંઘી વધારે! અરે હોય જ ને... આ દેશનાં ગરીબો સપના નથી જોતા, તેમને સપના દેખાડવા પડે... અને પોતે સપના જોવા કરતાં બીજાને સપના દેખાડવા મોંઘા છે... જેટલી વધુ ગરીબી એટલી મોંઘી ચૂંટણી!

એમ રઘલા, આ જો તારા બે રૂમનાં મકાનનું સપનું!! એ સાચા, કેટલો પરસેવો પાડશે... આ લે બે રોટલીઓ સાથે અથાણાનું તીખું સપનું... અલા એ... નોકરી વગર બેઠો છે... આ લે તારી કિસ્મતને ફિક્સ ડિપોઝીટ કરતું સપનું...!! સાહેબ, સપનું મોટી કોમોડીટી છે... સોના ચાંદીથી પણ મોટી... સૌથી મોટું વાયદા બજાર... સેટલમેન્ટનો ટાઇમ દિવસોમાં નહીં પણ વર્ષોમાં છે... ભારત આઝાદ થયું ત્યારથી T + 65 Years એવું!! લઇ લો, લઇ લો... ના લેવાં હોય તો પણ, જોઇ લો જોઇ લો.. ના જોવા હોય તો પણ... સપનાં છે... આજે સસ્તા ભાવે વેંચીએ છીએ કાલે મોંઘા ભાવે પૂરા કરી આપીશું... આ સપનાની તો હમણાં ૧૬મી મે.

૧૬મી મે - એવું લાગે છે એના પછી કોઇ તારીખ જ નથી કેલેન્ડરમાં... બધું જાણે એક જ તારીખ પર અટકી પડ્યું છે - લટકી પડ્યું છે... ઇતિહાસ જાણે ત્યાં રોકાઇ જવાનો ના હોય... ભારત આખું એ દિવસે એક સાથે શ્વાસ રોકી છાતી ફુલાવી દેશે... ૧૭મીની સવારનું કોઇનું પ્લાનિગ જ ના હોય એવી રીતે ૧૬મી તારીખ ઊછળી રહી છે... ન્યૂઝ ચેનલ્સનાં કાઉન્ટડાઉટ ધરતીનાં અંત જેવા ભયાનક લાગી રહ્યા છે... એન્કરો આર્મીનાં ચીફની જેમ વર્તી રહ્યા છે, સોશ્યલ મીડિયામાં યુદ્ધ ફાટી નીકળે એવો સ્ટેટસ કોમેન્ટ - વિગ્રહ ચાલી રહ્યો છે, આખા છાપાનાં વચ્ચેનાં પાનાંઓ પણ એકની એક ખબરોથી બોર થઇ રહ્યાં છે, ટેલિયાઓનાં પિક્ચરો અને પ્રોગ્રામો ખૂણઓ પાડી બેઠાં છે. ગલ્લાઓ પર બે પિચકારીઓ વચ્ચેનાં સમયમાં ડૂચા વળેલાં અવાજો ભારતનું ભવિષ્ય ભાંખી રહ્યા છે.... ભારતીય લોકતંત્ર તેની પરાકાષ્ઠાએ પહોંચી રહ્યું છે... જાણે!! ઘેર બાબો આવવાનો હોય એવડો ઉત્સાહ છે. બધાંને... હોય જ ને કેમ ન હોય... ચૂંટણી એ લોકશાહીની પ્રસૂતિ પીડા છે - ઇલેકશન ઇઝ લેબર પેઇન ઓફ ડેમોક્રસી... અને કમ સે કમ નિયમિત થતી ચૂંટણીઓ જોઇ સોક્રેટીસ ચોક્કસ કયાંક બેઠો બેઠો મલક્યો તો હશે જ...

16th May : જ અરે ભાઇ... ૧૭મી તારીખ પણ છે
- ધ કૉફી હાઉસ
- ઉત્સવ પરમાર

વિવિધતામાં એકતાનાં ગીત ગાતાં ટેક્સ્ટ બુક પ્રેમી દેશની જનતાની હથેળીઓને નવી ભાગ્યરેખાઓ જોઇએ છે... ઘેર બેઠાં બાપાની ગાળો ખાતાં દરેક છોકરાને ફેંકી દેવી છે નવરી જિંદગીની બેકારી, એનેય કમાઇને બાપની આંખમાં ચમક ભરવી છે, મોંઘી થતી રસોઇની ફિકર છોડી માને ખવડાવી છે એનાં દીકરાને દૂધની મીઠી ખીર, પેલાં સાયકલ લારી ખેંચતા મજૂરને'ય મૂકવા છે એના બાળકો પ્રાઇવેટ ઇસ્કૂલમાં, આ ભૂખનાં ગીતો ગાતાં સળગતાં પેટનેય જોઇએ છે મીઠી નિંદર, આ ચા વેચવા વાળાયને કમાવા છે. સાંજે બૈરી સાથે ચોપાટી પર વડાપાઉં ખઇ શકાય એટલાં રૂપિયા... રાતનાં ઉજાગરાઓને રાતે જ કરવો છે આરામ... આ ભારતની આંખોમાં છૂપાયેલી ભાષા છે - કોઇએ આંજેલાં સપનાઓની નહીં... ભારતનાં ભાગ્યવિધાતા તું અમારી ભાષા સમજે છે ને? અમારા ખિસ્સાઓની મજબૂરીને તારી તાકત ન બનાવતો... અમારી ઇચ્છાઓને તારું અફીણ કરજે...

તું સમજ્યો ને...?

- ch9723367947@yahoo.com

સફળ રાજકારણી બનવા માટેનો ટ્યુશન કલાસ

ચેતનાનો સમય
- પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

શું તમારે એક સફળ રાજકારમી બનવું છે? કોઇ રાજકીય પક્ષના કાર્યકર બનીને પક્ષ સથે ગધા વૈતરું કર્યા વગર સીધો જમ્પ મારી ચૂંટણીમાં ઉમેદવારી માટે જાણીતા પક્ષની ટિકીટ મેળવવી છે? ટિકીટ મેળવી છે? ટિકીટ મેળવ્યા પછી ચૂંટણીમાં જીતવા માટે કેવા કેવા પેંતરા રચવા પડે તે શીખવું છે? તમે ગમે તેવો ગુન્હો કર્યો હોય જેલમાં હો કે જેલ બહાર હો છતાં કોઇ પક્ષની ટિકીટ મેળવી ઉમેદવારી કરવી છે? પક્ષના જાણીતા મોટા માથાનાં પ્રમુખ, સેક્રેટરીની નજરમાં આવવા માટે કેવી કેવી ચાપલૂસી કરવી પડે તે શીખવું છે? રાજકારણી બન્યા પછી નેતા બન્યા પછી તમે કોઇક અવળું બોલી ગયા હો કે ખરાબ વાણીવિલાસ કર્યો હોય છતાં તમારે આવું હું બોલ્યો જ નથી કે મીડિયાવાલાએ સમજ્યા વગર મારી વાતને અવળી રીતે રજૂ કરી છે એવું બોલતા શીખવું છે? પક્ષને સત્તા ના મળે તો વિરોધપક્ષની પાટલી પર બેસી વિધાનસભા કે લોકસભામાં ઉભા થઇ સત્તાધારી પક્ષ માટે હોહા કરી કાર્યવાહી કેમ અટકાવી દેવી તે શીખવું છે?

નેતા બન્યા પછી ડાબા હાથમાં કમાણી કરી ચૂંટણીમાં ખર્ચેલા કરોડો રૂપિયા દસ ગણા પાછા કેમ ઘરભેગા કરવા તેની કલા શીખવી છે? તમને મતદારો ખોબલે ખોબલે મત આપે તે માટે મતદારોને કોણીયે ગોળ લગાડી મત કેમ મેળવવા તેની કલા શીખવી છે? મતદારોને રીઝવવા ચૂંટણીસભામાં ટોળેટોળા ભેગા કરવા રેલીઓમાં ટોળા ભેગા કરવા લોકોને કેમ આકર્ષવા તેની કલા શીખવી છે? ટોળા ભેગા કરી આપનારા દલાલોની જાણ મેળવવી છે? ટૂંકમાં સફળ રાજકીય નેતા બનવા માટે કેવા કેવા પેંતરા રચવા? કેમ જૂઠ્ઠું બોલવું? જૂઠ બોલીને કેમ ફરી જવું? ચૂંટણી તંત્રો ઉપર ખોટા આક્ષેપો કેમ કરવા? વિરદ્ધી પક્ષો સામે ગાલીપ્રદાન કેવું કેવું કરવું તેની કળા શીખવી છે? વિરોધીઓને કેમ હલકા ચીતરવા તેની કળા શીખવી છે? નેતા બન્યા પછી ઉદ્યોગપતિઓનાં કામો



પતાવીને ઉદ્યોગપતિઓને કેમ લૂંટવા તેની કલા શીખવી છે? ચૂંટણી ટાણે મતદારોને આપેલા વચનો પછી સત્તા મળ્યા બાદ વચનો નિભાવી ના શકો તો પ્રજાને કંઇ રીતે મુર્ખ બનાવવી તેની કળા શીખવી છે?

આ તમામ જાતની કળા શીખવા અમારા ટ્યુશન કલાસમાં જોડાવ. અને રાતોરાત નેતા બની મંત્રીપદ મેળવો કે વડાપ્રધાન પદ હાંસલ કરો. જો કે વડાપ્રધાન પદ મેળવવા નરેન્દ્ર મોદી પાસેથી કળા શીખવી પડે પણ ચેલા બન્યા પછી ગુરૂને જ હટાવવાના પૈંતરા રચો તો એટલે નરેન્દ્રભાઇ તો એ કળા નહિં શીખવે.